# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૫૧ A, તા.૧૫-૧૦-૨૦૨૪

ફકત મ્યુનિ. શાળાઓ માટે :-

વિષય:- પ્રથમ સત્રાંત (લેખિત) પરીક્ષા-૨૦૨૪ બાબત.

આથી તમામ શાળાઓને ઉપરોકત વિષયના અનુસંધાનમાં જણાવવાનું કે ચાલુ વર્ષે ધોરણ ૩ થી ૮ના વિદ્યાર્થીઓની પ્રથમ સત્રાંત પરીક્ષા તા. ૧૭-૧૦-૨૦૨૪ થી તા.૨૫-૧૦-૨૦૨૪ સુધી યોજવાની રહેશે. જે માટે અગાઉ પરિપત્ર નં.૪૨ તા.૧૩-૦૯-૨૦૨૪ થી જાણ કરેલ છે. તે કાર્યક્રમ અનુસાર લેવાની રહેશે.

ધો.૩ થી ૮ તમામ માધ્યમમાં સેમિસ્ટર મુજબ પ્રથમ સત્રના અભ્યાસક્રમ મુજબ તમામ પ્રકરણ આવરી લેવામાં આવેલ છે. સ્કૂલ બોર્ડ તરફથી છાપેલા પ્રશ્નપત્ર આપવામાં આવશે. ધો.૧ અને ધો.૨ માટે સત્રાંત પરીક્ષા લેવાની રહેતી નથી. ધો.૧ અને ધો.૨માં સતત મૂલ્યાંકન પદ્ધતિ અમલમાં હોઈ તે અનુસાર મૂલ્યાંકન અને નોંધની પ્રક્રિયા ચાલુ રાખવાની રહેશે.

**પ્રથમ સત્રાંત પરીક્ષા દરમ્યાન નીચે જણાવેલ સૂચનાઓનો ચૂસ્તપણે અમલ કરવાનો રહેશે.**

- ધો. ૩ થી ૫ના પ્રશ્નપત્રો ૪૦ ગુણના અને ધો.૬ થી ૮ના તમામ માધ્યમનાં પ્રશ્નપત્રો ૮૦ ગુણના રહેશે. જેમાં બહુવિકલ્પ ટૂંકા પ્રશ્નો તથા નિબંધ પ્રકારના પ્રશ્નોનો સમાવેશ થાય છે.
- શાળામાં કોઈપણ વિદ્યાર્થી ગેરહાજર ન રહે તે માટે વાલીનો સંપર્ક કરી વિદ્યાર્થીની ૧૦૦% હાજરી રહે તે માટે શાળાઓએ પ્રયત્ન કરવા.
- ગણિત વિષયની પરીક્ષા વખતે વિદ્યાર્થીઓ કંપાસ બોક્ષ સાથે લઈને આવે તેવી સૂચના આપવાની રહેશે.
- ધો. ૫ થી ૮ના તમામ માધ્યમમાં જવાબ લખવા માટે અલગ જવાબવહીઓની વ્યવસ્થા શાળાના મુખ્ય શિક્ષકે કરવાની રહેશે તેની ગ્રાન્ટ અત્રેથી ચુકવવામાં આવશે. પુરવણી પર શાળાના સહી સિક્કા કરવાના રહેશે. વિદ્યાર્થીઓએ પેનથી જ જવાબ લખવાના રહેશે(પેન્સિલથી નહિ) તે અંગેની સૂચના વિદ્યાર્થીઓને પ્રથમથી જ આપવી.
- ધો. ૩ અને ૪ તમામ વિષયોના પ્રશ્નપત્રમાં જવાબ માટે જગ્યા રાખવામાં આવેલ છે. જેથી વિદ્યાર્થીઓને અલગથી જવાબવહીઓ આપવાની રહેતી નથી. પ્રશ્નપત્રમાં જ જવાબ લખવાની સૂચના વિદ્યાર્થીઓને અચૂક આપવી.
- **સામાજિક વિજ્ઞાન**ની પરીક્ષા વખતે ધો. ૬માં ભારતનો રેખાંકિત નકશો અને ધો. ૮માં દુનિયાનો રેખાંકિત નકશો તેમજ **ગણિત**ની પરીક્ષા વખતે ધો. ૭માં આલેખ પ્રશ્નપત્રની સાથે જ સ્કૂલ બોર્ડ દ્વારા આપવામાં આવશે.
- પરીક્ષાના કાર્યક્રમ, સમયપાલન અને પૂરતી તૈયારી અંગેની સૂચના વિદ્યાર્થીઓને આપવી. શાળા ઑફિસની બહાર બ્લેક બોર્ડ પર મોટા અક્ષરે વાંચી શકાય તે રીતે પરીક્ષાનો કાર્યક્રમ દર્શાવવો.
- બેઠક વ્યવસ્થાનો ચાર્ટ બીટ સુપરવાઈઝર પાસે મંજૂર કરાવી દરેક ઓરડામાં કયા ધોરણના અને કયા નંબરના વિદ્યાર્થીઓ બેસવાના છે તેની નોંધ જે તે ઓરડાના કા.પા. પર કરવી તેમજ જે તે ઓરડાના બારણા પર પણ દર્શાવવી.

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

- મુખ્ય શિક્ષકે પરીક્ષા દરમ્યાન ફાળવેલ બ્લોક દીઠ હાજર / ગેરહાજર વિદ્યાર્થીની નોંધ રાખવી. અલાયદી પરીક્ષા આયોજન ફાઈલ નિભાવવી. બ્લોક નિરીક્ષકોની ફાળવણી રોજે રોજ પરીક્ષા ચાલુ થવાના અડધા કલાક પહેલા કરવી.
- પરીક્ષા સમય પહેલાં કાર્યક્રમ પ્રમાણે જે તે વિષયના પ્રશ્નપત્રો મળેલ છે તે મુખ્ય શિક્ષકે ચેક કરી લેવું. મુદ્રણદોષવાળા કે કોરા પ્રશ્નપત્રો વિદ્યાર્થીઓને અપાય નહિ તે પ્રશ્નપત્ર વિતરણ સમયે ખાસ જોઈ લેવું.
- શૈક્ષણિક વર્ષ દરમ્યાન શાળાનો સમય ગમે તે હોય તો પણ પરીક્ષા ઉપરોકત કાર્યક્રમ પ્રમાણે જ લેવી અને જે તે ધોરણના વિદ્યાર્થીઓને તે પ્રમાણે પરીક્ષા માટે બોલાવવા. બેઠક વ્યવસ્થા માટે જરૂર જણાય તો મદદનીશ શાસનાધિકારીની મંજૂરી લઈ વ્યવસ્થા કરવાની રહેશે.
- પરીક્ષાખંડમાં જે-તે ધોરણના વિદ્યાર્થીઓ પાસ પાસે ન આવે તે રીતે બેઠક વ્યવસ્થા ગોઠવવાની રહેશે એટલે કે એક જ ધોરણના વિદ્યાર્થીઓને એક બ્લોકમાં ગોઠવવા નહીં.
- પ્રશ્નપત્રોના કસ્ટોડીયન તરીકે દરેક મુખ્ય શિક્ષકશ્રીએ અત્યંત કાળજી લેવી કે જેથી જે-તે દિવસે અને સમયે જે-તે ધોરણ અને વિષયનું જ પ્રશ્નપત્રનું પેકેટ ખોલવાનું રહેશે.
- ખાસ તાકીદ કરીને જણાવવામાં આવે છે કે પ્રથમ સત્રાંત પરીક્ષા-૨૦૨૪ના પરીક્ષાના સમયપત્રક અનુસાર જ પ્રશ્નપત્રો ધોરણ અને વિષયવાર (માધ્યમ મુજબ) સદરહુ પ્રશ્નપત્ર મુખ્ય શિક્ષકે બે શિક્ષકમિત્રોની હાજરીમાં ખોલવાના રહેશે. તે બાબતની સાબિતીરૂપેના દસ્તાવેજ માટે ડોકયુમેન્ટ્રી ઉતારવાની રહેશે. આમ કરવામાં ચૂક કરનાર જે-તે મુખ્ય શિક્ષક સામે પરીક્ષાની ગોપનિયતા ભંગ બદલ સેવા શિસ્તના કડકમાં કડક પગલાં લેવામાં આવશે.

આ પરિણામની ઓનલાઇન ડેટા એન્ટ્રી સમયમર્યાદામાં પૂર્ણ કરવાની રહેશે. જેનું ચુસ્તપણે પાલન કરી સમયમર્યાદામાં ડેટા એન્ટ્રીની કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

તા.૧૫-૧૦-૨૦૨૪

ડૉ.એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી